Extra No. 243

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૨૯મી માર્ચ, ૨૦૨૫ના હુકમ ક્રમાંકઃ કેપી/૨૦૨૫-નો ૭/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૯૮૧/સેક્શન-જે. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૫-નો ૭/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૪/૨૯૮૧/સેક્શન- જે :- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૪મી નવેમ્બર, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીવી/૨૦૨૪નો ૩૯૪ યુડીયુએચડી/એમઆઈએસસી/એમપીએમએલએ/૧૮/૨૦૨૪/૧૩૭૦/એમ-થી, મોરબી જિલ્લાની ટંકારા ગ્રામ પંચાયત અને આર્યનગર ગ્રામ પંચાયતના વિસ્તારોને ''નાના શહેરી વિસ્તારો'' તરીકે નિર્દિષ્ટ કર્યા છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો, ''નાના શહેરી વિસ્તારો'' હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, ટંકારાના સંબંધિત મતદાર વિભાગમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને જેમના મતદાર વિભાગનો સંપૂર્ણપણે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તેવા તાલુકા પંચાયત, ટંકારાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કિસ્સામાં, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તાલુકા પંચાયત, ટંકારાના સંબંધિત મતદાર વિભાગના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તાલુકા પંચાયત, ટંકારાના પ્રતિનિધિઓ હોતા બંધ થતા હોવાથી, તાલુકા પંચાયત, ટંકારાના સભ્યો તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમો (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, ટંકારાના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનું નક્કી કર્યું છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિમય, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮-મા)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વચગાળાના પગલા તરીકે વિદ્યમાન ટંકારા તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા કામચલાઉ રીતે ૧૬માંથી ઘટાડીને ૧૪ કરે છે;

૨. જેમને સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરવામાં આવ્યા હોય તેવા ટંકારા તાલુકા પંચાયતના વિસ્તારોની અંદર આવતા, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા મતદાર વિભાગનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલા ટંકારા તાલુકા પંચાયતના સભ્યોનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદાર વિભાગનું નામ અને તેનો નંબર	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.	મોરબી	ટંકારા	૧૩- ટંકારા-૧	ચાર્મીબેન ભાવિનભાઈ સેજપાલ
૨.	મોરબી	ટંકારા	૧૪- ટંકારા-૨	ચેતનકુમાર રમણિકભાઈ ત્રિવેદી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:12:18 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar